ક્રમાંક: માવિ.ક/ફી નિયમન/૨૦૧૮/૯૧૧-૧૧૫૧

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

બનાસકાંઠા, પાલનપુર

તા.૦૯/૦૧/૨૦૧૮

પ્રતિ,

સંચાલકશ્રી/આચાર્યશ્રી,

નોન-ગ્રાન્ટેડ શાળાઓ તમામ

જિ.બનાસકાંઠા

વિષય: ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ-૨૦૧૭ શાળાઓની ફી બાબતે વાલીઓ/જાહેર જનતાને નોટીસ બોર્ડ/વેબ સાઈટ દ્વારા માહિતગાર કરવા બાબતે.

સંદર્ભ: શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગરનો તા.૦૪/૦૧/૨૦૧૮ ના પત્ર અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ ૨૦૧૭ ને નામદાર હાઈકોર્ટે તા.૨૭/૧૨/૨૦૧૭ ના જજમેન્ટથી માન્ય ઠરાવેલ છે. તેના સંદર્ભમાં દરેક સ્વનિર્ભર શાળાઓએ આ સાથે સામેલ લખાણ મુજબની સૂચના શાળાના નોટિસ બોર્ડ/શાળાની વેબસાઈટ ઉપર વાલીઓને દેખાય તે રીતે મુકવા, તથા આ સૂચનાનું પાલન દરેક સ્વનિર્ભર શાળાઓ દ્વારા કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી

બનાસકાંઠા,પાલનપુર

<u>બિડાણ</u>: ઉપર મુજબ

ગુજરાત સેલ્ફ ફાઈનાન્સ્ડ સ્કૂલ્સ (ફી નિયમન) અધિનિયમ ૨૦૧૭ને નામ.હાઈકોર્ટે માન્ય ઠરાવેલ છે ત્યારે દરેક શાળાઓએ નીચે મુજબની વિગતો નોટિસ બોર્ડ / વેબસાઈટ ઉપર જાહેર કરવાની રહેશે.

## શાળાની ફી બાબતે અગત્યની સૂચના.

તા.

.................................શાળાએ ફી નિયમન સમિતિ...............ઝોન સમક્ષ શાળાની વર્ષ ૨૦૧૭-૧૮ના શૈક્ષણિક વર્ષ માટે દરખાસ્ત/એફીડેવિટ રજૂ કરેલ છે/નથી. સમિતિ દ્વારા ફી નિર્ધારિત કરવા અંગેનો હુકમ મળ્યેથી, જો શાળાએ વધુ ફી વસૂલ લીધેલ હશે તો તે વાલીશ્રીને પરત/સરભર કરવા માટે શાળા આથી બાંહેધરી આપે છે.

ફી નિયમન અધિનિયમની કલમ 2(ह) માં ઉલ્લેખ થયા મુજબ 'પ્રવેશ ફી' (admission fee} એક માસની 'શિક્ષણ ફી'થી વધુ વસૂલ લેવામાં આવી હશે તો તે પણ પરત/સરભર કરવા શાળા આથી બાંહેધરી આપે છે.

આચાર્યશ્રી / વહીવટદારશ્રી